:: જાહેર ચેતવણી ::

ફોટામાં દર્શાવેલ વ્યકિત મયુર રામજીભાઈ કાકડીયા તે અમારા અસીલ રામજીભાઈ જેરામભાઈ કાકડીયા ના પુત્ર થાય છે. તેઓ એમના કહ્યામાં નથી અને આશરે ઘણા વર્ષોથી અમારા અસીલથી અલગ રહે છે. તેઓનો પુત્ર તેમના કહ્યામાં નથી તેથી અમો ના અસીલ દ્વારા તેમની સ્થાવર તથા જંગમ મિલકતો માંથી તેમને બેદખલ કરેલ છે. આથી તેઓની સાથે કરેલ કોઇપણ પ્રકારના સામાજીક, આર્થિક કે અન્ય કોઇપણ પ્રકારના ભૂતકાળ ના કરેલ કે ભવિષ્યના વ્યવહારો અંગે તેઓ વ્યકિતગત જવાબદાર છે તે અંગે અમોના અસીલ કે તેના પરિવારની કોઇપણ રીતે જવાબદાર નથી આથી અમોના અસીલના નામે કે બીજા કોઇપણ રીતના વ્યવહાર, લેણદેણ કે ધંધો કે કોઇપણ પ્રકારના કાર્યો કરેલ હશે, કરશે, કરાવશે તો તેઓ વ્યકિતગત જવાબદાર છે. જે અંગેની અમોના અસીલ ની કે તેઓના પરિવારની કોઇપણ ની જવાબદારી રહેશે નહિ. તે જાહેર જનતાએ નોંધ લેવી.

(અસીલની ફરમાઈશ અને સુચના મુજબ)

ઓફિસ : ૨૦૧-૨૦૨ રાધેશ્યામ સોસાયટી શોપિંગ સેન્ટર, સિંગણપોર ચાર રસ્તા, કતારગામ, સુરત.મો નં : ૯૭૨૫૭૯૬૦૦૩

વિજયકુમાર બી. મહેતા
એડવોકેટ & નોટરી

ગુજરાતમિત્ર

ગાડીના કોન્ટ્રાકટ આપવાના છે

ગુજરાતના સૌથી પ્રતિષ્ઠિત દૈનિક "ગુજરાતમિત્ર" ને વિવિધ રૂટો ઉપર અખબારની કોપી પહોંચાડવાના ગાડીનાં કોન્ટ્રાકટ આપવાનાં છે. રસ ધરાવનારાઓ **81539-99902** ઉપર સંપર્ક કરે અથવા નીચેના સરનામે રૂબરૂ મળે. સમય ૧૧.૦૦ થી ૭.૦૦

સરનામું :- ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, ચોક બજાર, સુરત - 395003.

બ્રિટનમાં સખત ગરમીના મોજા વચ્ચે દુકાળની સ્થિતિ

પાણીની તંગી વચ્ચે નવ પાણી પુરવઠા કંપનીઓએ નિયંત્રણો જાહેર કર્યા

બગીચામાં પાણી છાંટવા, આંગણા ધોવા હોઝપાઇપનો ઉપયોગ બંધ, સ્વિમિંગ પુલમાં પાણી ભરવાની મનાઇ પણ આવી શકે

લંડન, તા. ૧૦ : બ્રિટનમાં સખત ગરમીના મોજા વચ્ચે દુકાળ જેવી સ્થિતિ સર્જાઇ છે. ચેસિંગ્ટન વર્લ્ડ ઓફ એડવેન્ચર્સ રિસોર્ટને આજે શાળાના ઉનાળાના વેકેશનની વચ્ચે જ પરિવારોને પાછા મોકલવાની ફરજ પડી હતી, કારણ કે પાણીની અછતને લીધે તેને બંધ કરી દેવામાં આવ્યું હતું.

સરેમાં આવેલા આ થીમ પાર્કના સંચાલકોએ લોકોને ત્યાં ન આવવાની ચેતવણી આપી હતી. પાણીની એક મુખ્ય પાઇપલાઇન ફાટવાને કારણે આ સમસ્યા સર્જાઈ હતી. આ ઘટના એવા સમયે સામે આવી છે જ્યારે રેકોર્ડબ્રેક દુષ્કાળની સ્થિતિ વધુ વણસી રહી છે. વરસાદના કોઈ એંધાણ નથી અને આ અઠવાડિયે વર્ષના છઠ્ઠા હીટવેવની સંભાવના વચ્ચે કાર વોશિંગ સેન્ટર્સ અને સ્વિમિંગ પૂલ પર પાણીના વપરાશનો પ્રતિબંધ આવી શકે છે.

અસાધારણ ગરમ અને સૂકા વસંત તેમજ ઉનાળાની ઋતુને કારણે જળાશયોના સ્તરમાં ભારે ઘટાડો થયો છે, જેના લીધે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં અંદાજે ૨.૭ કરોડ લોકો અત્યારથી જ હોઝપાઈપ પ્રતિબંધો હેઠળ જીવી રહ્યા છે. નવ પાણી પુરવઠા કંપનીઓએ આ નિયંત્રણો લાગુ કર્યા છે, જેનો અર્થ એ થાય છે કે ગ્રાહકો કાયદેસર રીતે બગીચામાં પાણી છાંટવા અથવા કાર, આંગણા કે બોટ ધોવા માટે હોઝપાઈપનો ઉપયોગ કરી શકશે નહીં. આ કંપનીઓમાં સધર્ન વોટરનો પણ સમાવેશ થાય છે, જેણે ૧૦ જુલાઈના રોજ હેમ્પશાયર અને આઈલ ઓફ વાઈટમાં પ્રતિબંધ લાદ્યો હતો.

ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબડીસ્ટ્રીકટના **મોજે ગામ કદરામાના બ્લોક નં. ૫૧**, જેનું ક્ષેત્રફળ હે. ૧-૧૪-૩૨ આરે ચો.મી., આકાર રૂા.૧૫.૦૦ પૈસાવાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીન **પરભુભાઇ કરશનભાઇ, લલીતાબેન લક્ષ્મણભાઇ, જયેશભાઇ લક્ષ્મણભાઇ, અમિતાબેન નવીનભાઇ પટેલ તે લક્ષ્મણભાઇ કરશનભાઇ પટેલની પુત્રી, ભારતીબેન ભરતભાઇ તે લક્ષ્મણભાઇ કરશનભાઇ પટેલની પુત્રી, મધુબેન પ્રવિણભાઇ પટેલ તે લક્ષ્મણભાઇ કરશનભાઇ પટેલની પુત્રી**ના સંયુકત નામે ચાલી આવેલી હોવાનું જણાવી તેઓએ સદરહું જમીન મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ, સદરહું જમીનમાં કોઇપણ વ્યકિત કે સંસ્થા/બેંકના કોઇપણ જાતના લાગભાગ, હકક, હીત સંબંધ, દર-દાવાદુવીના પ્રકરણો, ચાર્જ, બોજા યા ખોરાકી પોષાકીના હકક, અધિકાર હોય તો તેવી બેંક, વ્યકિત કે સંસ્થાઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવાઓ સહિત અમો નીચે સહી કરનારને રૂબરૂ મળવું. જો તેમ કરવા કસુર યા ચુક થશે તો, સદરહું જમીનોમાં કોઇના કોઇપણ પ્રકારનાં લાગભાગ, હકક, અધિકાર યા ખોરાકી પોષાકીના હકક અધિકાર નથી યા હોય તો વેઇવ યાને જતા કરેલ છે. તેમ માની લઇ, અમારા અસીલ પાકા વેચાણ દસ્તાવેજ યા દસ્તાવેજો રજીસ્ટર્ડ કરી/કરાવી લેશે અને પાછળથી કોઇની કોઇ પણ જાતની તર-તકરાર ચાલશે નહીં. જેની સ્પષ્ટ નોંધ લેશોજી.

ઓફિસ : એ/૧, જય જલારામ કોમ્પલેક્ષ, પહેલા માળે, જલારામ મંદિરની બાજુમાં, મેઇન રોડ ઓલપાડ, મુ.પો.તા. ઓલપાડ, જી.સુરત. મો.નં.: ૮૩૪૭૨ ૨૬૩૩૭/૮૭૫૮૧ ૩૪૮૧૫ (તા. ૧૧/૦૮/૨૦૨૬)

ધ્રુવ આર. પટેલ
ઋષિલ આર. પટેલ
એડવોકેટ્સ

-: વિદ્યાસહાયક(ધો.૧ થી ૮)/શિક્ષણસહાયક(ધો.૯ થી ૧૨)(દિવ્યાંગ) જોઈએ છે :-

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર અનુદાનિત અને સંસ્થાશ્રી. ગ્રામ સેવા સમાજ વ્યારા. સંચાલિત નીચે દર્શાવ્યા મુજબની આશ્રમશાળા/ઉ.બુ.આશ્રમશાળા, ઉ.ઉ.બુ. આશ્રમશાળાઓમાં દિવ્યાંગજનોની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત વિદ્યા સહાયકો(ધો.૧ થી ૮) / શિક્ષણ સહાયકો(ધો.૯ થી ૧૨)ની જગ્યા પર દિવ્યાંગજનોની સીધી ભરતી માટે પ્રાયોજના વહીવટદારશ્રી સોનગઢ, જિ. તાપી દ્વારા તેઓના પત્ર ક્રમાંકઃ(૧) ક્રમાંકઃપી.એ./આશા/NOC/વશી/૨૦૨૬-૨૭/૪૯૦૫થી ૪૯૩૫, તા.૦૭/૦૮/૨૦૨૬થી "ના વાંધા પ્રમાણપત્ર" આપવામાં આવેલ છે, જે અન્વયે ગુજરાતી માધ્યમના વિદ્યા સહાયકો(ધો.૧ થી ૮) / શિક્ષણ સહાયકો(ધો.૯ થી ૧૨)ની જગ્યા પર દિવ્યાંગજનોની ભરતી કરવાની છેઃ

ક્રમ	આશ્રમશાળા/ઉ.બુ.આશ્રમશાળા/ઉ.ઉ.બુ. આશ્રમશાળાનું નામ (ગામ, તા., જી. સહિત)	ધોરણ	જગ્યાનું નામ	વિષય	રોસ્ટર ક્રમ	ભરવાપાત્ર કેટેગરી	લાયકાત	જગ્યાઓ
૧	આ.શા. ચુનાવાડી, તા.ડોલવણ, જી.તાપી વિદ્યાસહાયક	૧ થી ૫ / ૬ થી ૮/	વિદ્યા સહાયક (ધો.૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૧	૦૧ / સંખ્યાધિક
૨	આ.શા. ઝાંખરી વિદ્યાસહાયક (ધો-૧ થી ૮)	૧ થી ૫ / ૬ થી ૮/	વિદ્યા સહાયક (ધો.૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૧	૦૧ / સંખ્યાધિક
૩	આ.શા. કરંજવેલ વિદ્યાસહાયક (ધો-૧ થી ૮)	૧ થી ૫ / ૬ થી ૮/	વિદ્યા સહાયક (ધો.૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૧	૦૧
૪	આ.શા. કલમકુઇ વિદ્યાસહાયક (ધો-૧ થી ૮)	૧ થી ૫ / ૬ થી ૮/	વિદ્યા સહાયક (ધો.૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૧	૦૧
૫	આ.શા. ખુટાડીયા વિદ્યાસહાયક (ધો-૧ થી ૮)	૧ થી ૫ / ૬ થી ૮/	વિદ્યા સહાયક (ધો. ૬ થી ૮)	અંગ્રેજી, હિંદી, સંસ્કૃત	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૨	૦૧
૬	આ.શા. પંચોલ વિદ્યાસહાયક (ધો-૧ થી ૮)	૧ થી ૫ / ૬ થી ૮/	વિદ્યા સહાયક (ધો. ૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૧	૦૧
૭	આ.શા. ગારવણ વિદ્યાસહાયક (ધો-૧ થી ૮)	૧ થી ૫ / ૬ થી ૮	વિદ્યા સહાયક (ધો. ૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૧	૦૧
૮	આ.શા. બોરખડી વિદ્યાસહાયક (ધો-૧ થી ૮)	૧ થી ૫ / ૬ થી ૮/	વિદ્યા સહાયક (ધો. ૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૧	૦૧
૯	આ.શા. વાઝરડા વિદ્યાસહાયક (ધો-૧ થી ૮)	૧ થી ૫ / ૬ થી ૮/	વિદ્યા સહાયક (ધો. ૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૧	૦૧
૧૦	આ.શા. સરકુવા વિદ્યાસહાયક (ધો-૧ થી ૮)	૧ થી ૫ / ૬ થી ૮/	વિદ્યા સહાયક (ધો. ૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૧	૦૧ / સંખ્યાધિક
૧૧	આ.શા. ગડત વિદ્યાસહાયક (ધો-૧ થી ૮)	૧ થી ૫ / ૬ થી ૮/	વિદ્યા સહાયક (ધો. ૧ થી ૫)	તમામ	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટેટ-૧	૦૧
૧૨	ઉ.બુ.આ.શા. છીંડીયા શિક્ષણ સહાયક (ધો-૯ થી ૧૦)	(ધો-૯ થી ૧૦)	શિક્ષણ સહાયક (ધો. ૯ થી ૧૦)	અંગ્રેજી	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટાટ-૧,૨	૦૧
૧૩	ઉ.બુ. બેસનીયા શિક્ષણ સહાયક (ધો-૯ થી ૧૦)	(ધો-૯ થી ૧૦)	શિક્ષણ સહાયક (ધો. ૯ થી ૧૦)	સામાજિક વિજ્ઞાન, ગુજરાતી	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટાટ-૧,૨	૦૧
૧૪	ઉચ્ચતર ઉ.બુ. બેસનીયા શિક્ષણ સહાયક (ધો-૧૧ થી ૧૨)	(ધો-૧૧ થી ૧૨)	શિક્ષણ સહાયક (ધો. ૧૧ થી ૧૨)	ગુજરાતી, હિંદી	૧	દિવ્યાંગજન (કેટેગરી-A)	શિક્ષણ વિભાગની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ + ટાટ-૧,૨	૦૧

શરતોઃ

1) લાયકાતઃ ઉમેદવારની લાયકાત રાજ્ય સરકારશ્રી/શિક્ષણ વિભાગ દ્વારા વખતો-વખત નિયત કર્યા મુજબની રહેશે. નિયત લાયકાત તરીકે જરૂરી તમામ પરીક્ષાઓ તથા રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ સંબંધિત વિષયની TET-1/2 / TAT-1/2 પરીક્ષા અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પાસ કરેલ હોવી જોઈશે.
2) શૈક્ષણિક અને તાલીમી લાયકાત અનુક્રમે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા માન્ય સંસ્થામંથી જ પાસ કરેલી હોવી જોઈશે.
3) ઉમેદવાર સરકારશ્રીએ ઠરાવ્યા પ્રમાણે કમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઇએ.
4) નિયત લાયકાત અંગેના તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલ અરજી સાથે સામેલ રાખવાની રહેશે.
5) ઉમેદવારે સા.વ.વિ.ના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્રથી નિયત 'પરિશિષ્ટ-અ'ના નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતા અંગેનું જે-તે કેટેગરીના પ્રમાણપત્રની નકલ સામેલ રાખવાની રહેશે. તથા સા.વ.વિ.ના તા.૨૯/૦૨/૨૦૨૪ના પરિપત્ર મુજબ દિવ્યાંગતા પ્રમાણપત્ર સંબંધી સરકારશ્રીની વખતો-વખતની સૂચના/જોગવાઇ અનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. નિમણૂંક પામનાર ઉમેદવારનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર શંકાસ્પદ જણાશે તેવા સંજોગોમાં સક્ષમ અધિકારી પાસે તેની ખરાઇ કરાવવામાં આવશે અને રજૂ કરેલ પ્રમાણપત્ર ખોટુ જણાશે તો તેઓની નિમણૂંક મૂળ અસરથી રદ્દ કરવામાં આવશે.
6) દિવ્યાંગ અનામતમાં ફક્ત દિવ્યાંગતાને જ અનામત તરીકે ગણવામાં આવશે. તે સિવાય કોઇ લિંગ(સ્ત્રી/પુરુષ), જાતિ આધારિત (SC/ST/SEBC) કે આર્થિક અનામત(EWS)ને ધ્યાને લેવામાં/પ્રાધાન્ય આપવામાં આવશે નહીં.
7) સરકારી કર્મચારી અથવા સરકારશ્રીનું અનુદાન મેળવતા બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાના કર્મચારીએ નિમણૂંક સત્તાધિકારીનું એન.ઓ.સી.(ના વાંધા પ્રમાણપત્ર) અરજી સાથે સામેલ કરવાનું રહેશે.
8) જે માર્કશીટમાં CGPA/CPI/Grade દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ યુનિવર્સિટી/કોલેજ પાસેથી કુલ ગુણ, મેળવેલ ગુણ અંગેનું કન્વર્ઝન કરેલ પ્રમાણપત્ર અરજી સાથે જોડવાનું રહેશે.
9) અરજીપત્રકમાં ઉમેદવારે પોતાનો મોબાઇલ નં. તથા ઇ-મેઇલ આઇ.ડી. અચૂકપણે દર્શાવવાનો રહેશે.
10) અરજી કરવા માટેનું સરનામું: ગ્રામ સેવા સમાજ વ્યારા, ધુલીયા રોડ, વ્યારા, જી. તાપી
11) ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ઉમેદવાર દ્વારા આપેલ માહિતી/દસ્તાવેજો ખોટા માલુમ પડશે તો તેઓની તેની અરજી આપોઆપ અમાન્ય(રદ્દ)ગણાશે. નિમણૂંક મળ્યા બાદ પણ માહિતી/દસ્તાવેજો ખોટા માલુમ પડશે તો તેઓની નિમણૂંક મૂળ અસરથી રદ કરી તેઓની સામે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
12) ભરતી સમિતિઃ ભરતી માટે જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૬ના ઠરાવથી નિયત કર્યા મુજબની રહેશે. ઇન્ટરવ્યુ દરમિયાન પસંદગી સમિતિએ ઉમેદવારના પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ પસંદ થયેલ ઉમેદવારને સંબંધિત પ્રાયોજના વહીવટદારશ્રી/મદદનીશ કમિશનરશ્રી(તકેદારી) દ્વારા બહાલી મળ્યેથી સંસ્થા દ્વારા નિમણૂંક આપવામાં આવશે.
13) નિયમિત નિમણૂંક મળ્યા બાદ ઉમેદવારને સરકારશ્રીની નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે
14) પગારધોરણઃ સરકારશ્રીની ફિક્સ પગારની નીતિ અનુસાર પાંચ વર્ષ માટે વિદ્યાસહાયકને રૂ.૨૬,૦૦૦/- પ્રતિ માસ, ધો.૯-૧૦ના શિક્ષણસહાયકને રૂ.૪૦,૮૦૦/- પ્રતિ માસ તથા ધો.૧૧-૧૨ના શિક્ષણસહાયકને રૂ.૪૯,૬૦૦/- પ્રતિ માસ ફિક્સ પગારથી નિમણૂંક આપવામાં આવશે. તેઓની સેવા સંતોષકારક જણાયેથી પાંચ વર્ષ બાદ નિયમિત પગારધોરણમાં સમાવવા વિચારણા માટે લેવામાં આવશે. નિયમિત નિમણૂંક મળ્યા બાદ ઉમેદવારને સરકારશ્રીની નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે. સેવા સંતોષકારક ન જણાતા પાંચ વર્ષ પહેલા પણ એક માસની નોટિસથી સેવાનો અંત લાવી શકાશે.
15) વયમર્યાદાઃ અરજી કરવાના આખરી દિવસે ઉમેદવારની વય સરકારશ્રીએ ઠરાવ્યા મુજબની વયમર્યાદામાં હોવી જોઈએ. વયમર્યાદામાં નિયમાનુસાર છૂટછાટ મળી શકશે.
16) નિમણૂંક પામતા ઉમેદવારોએ શાળા ખાતે ગૃહમાતા / ગૃહપતિ તરીકેની ફરજો બજાવવાની હોઈ પ્રત્યેક કર્મચારીએ આશ્રમશાળામાં ૨૪ કલાક સ્થળ પર રહેવું ફરજિયાત છે. તેઓને સંસ્થા તરફથી રહેઠાણની સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવશે. સ્થળ પર નિવાસ ન કરતા કર્મચારીને શિસ્તભંગ બદલ ફરજમાંથી છૂટા કરવામાં આવશે.
17) આદિજાતિ વિકાસ વિભાગ કે શિક્ષણ વિભાગે વખતો-વખત નિયત કરેલ શિક્ષણઅને શિસ્તવિષયક તથા અન્ય સામાન્ય નિયમોનું કર્મચારીએ પાલન કરવાનું રહેશે.
18) ક્રમ (૧, ૨ અને ૧૦) પરની આશ્રમશાળામાં દિવ્યાંગ વ્યક્તિની નિમણૂંક કરવા માટે સંબંધિત સંવર્ગમાં સિધી ભરતીના ફાળવાની જગ્યા ઉપલબ્ધ નથી પરંતુ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૧/૨૦૨૬ના પત્રની સૂચનાઓ મુજબ કરવાની થતી કાર્યવાહી સંબંધે જે સંબંધિત દિવ્યાંગની કેટેગરીના ઉમેદવાર ઉપલબ્ધ થાય તો તેઓને નિમણૂંક આપતા પહેલા સંખ્યાધિક(Supernumerary) જગ્યા ઊભી કરવા માટે સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવશે. જે અન્વયે સંખ્યાધિક (Supernumerary) જગ્યા ઉભી કરવા અંગે નાણા વિભાગની મંજૂરી મળ્યા બાદ દિવ્યાંગ ઉમેદવારની નિમણૂંકને બહાલી મળ્યા બાદ જ જે-તે ઉમેદવારની નિમણૂંક કરવાની રહેશે. સદર જાહેરાત નાણા વિભાગની મંજુરીને આધિન રહેશે.(સંખ્યાધિક(Supernumerary)જગ્યા ઉભી કરી કરવાની થતી ભરતીના કિસ્સામાં સદર શરતનો ઉલ્લેખ કરવાનો રહેશે.)

ઉપરોક્ત જાહેરાત અનુસાર લાયકાત ધરાવતા ઉમેદવારોએ તમામ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ તથા પાસપોર્ટ સાઈઝના બે ફોટા (જો વધારાની લાયકાત ધરાવતા હોય તો તે પણ) અરજી સાથે સામેલ રાખી તા.૨૫/૦૮/૨૦૨૬ પહેલાંઉક્ત સરનામે મળી જાય તે રીતે ફક્ત રજિસ્ટર્ડ એ.ડી.(RPAD)થી જ અરજી મોકલવાની રહેશે. તે પછીથી મળેલ અરજીઓને ધ્યાને લેવામાં આવશે નહીં. અરજીના કવર પર લાલ પેનથી કઈ આશ્રમશાળા માટે અરજી કરેલ છે, તે દર્શાવવાનું રહેશે.૧(એક) થી વધુ આશ્રમશાળાઓમાં ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવારોએ દરેક આશ્રમશાળા માટે અલગ-અલગ કવરમાં અરજી કરવાની રહેશે. ઉમેદવારે અરજીની એક નકલ પ્રાયોજના વહીવટદારશ્રી, સોનગઢ,મુ.સોનગઢ, તા.સોનગઢ, જિ.તાપી. ને પણ મોકલવાની રહેશે.

તા.૧૧/૦૮/૨૦૨૬

મંત્રી
ગ્રામ સેવા સમાજ, વ્યારા
પ્રમુખ/મંત્રી
ગ્રામ સેવા સમાજ વ્યારા,
મુ.વ્યારા, તા.વ્યારા, જિ.તાપી

સુરત ડિસ્ટ્રીકટ્, સબ ડિસ્ટ્રીકટ્ ઉધના (સુરત સીટી) તાલુકાના મોજે ગામ : પરવટના રેવન્યુ સર્વે નંબર : ૩૪/૨, બ્લોક નં : ૪૩ વાળી જમીન અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ કમ જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે,ગઇ તા.૦૭/૦૮/૨૦૨૬ નાં રોજ "ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ" દૈનિક ન્યુઝ પેપરમાં પાના નં.૨ ઉપર એડવોકેટ શ્રી હર્ષ બી. ગજજર દ્વારા સુરત ડિસ્ટ્રીકટ્, સબ ડિસ્ટ્રીકટ્ ઉધના (સુરત સીટી)તાલુકાના મોજે ગામ : પરવટના રેવન્યુ સર્વે નંબર : ૩૪/૨, બ્લોક નં : ૪૩ થી નોંધાયેલી બિનખેતીની જમીન કે જેનુ ક્ષેત્રફળ હે.આરે. ૧-૪૮-૭૨ ચો.મી. છે. જેને ટી.પી. સ્કીમ નંબર : ૬૧ (પરવટ-ગોડાદરા)માં સમાવેશ થતાં તેનો મુળ ખંડ નંબર : ૪૩ અને ફાયનલ પ્લોટ નંબરઃ ૪૩ તથા ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૦૪૧૦ ચો.મી. ફાળવવામાં આવેલ છે, તે જમીન અંગે જે જાહેર નોટીસ પ્રસીધ્ધ કરવામાં આવેલ છે, તે જમીન અમોએ સને-૨૦૦૧ માં કાયદેસર રીતે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ હોય, અમારી સ્વતંત્ર માલીકી-કબજા/ભોગવટા અને વહીવટ હેઠળની ચાલી આવેલ છે.

વધુમાં, સદરહું જમીન સક્ષમ કલેકટરશ્રીનાં હુકમથી કાયદેસર રીતે રહેણાંક હેતુ માટે બિનખેતી(NA)મંજુર થયેલ છે અને સુડાના પ્રવર્તમાન નકશા મુજબ રહેણાંક ઝોનમાં આવે છે. આ ઉપરાંત સદરહું જમીન સંબંધિત ભૂતકાળની તમામ મહેસુલી, ગણોત, રિવીઝન કે અન્ય તમામ કાનૂની કાર્યવાહીઓ સક્ષમ સત્તાધિકારીઓ સમક્ષ નિયમાનુસાર આખરી રીતે પૂર્ણ થઇ ચૂકેલી છે અને અમારા સદરહું જમીન અંગેનાં માલીકી હકકને માન્ય રાખેલ છે. હાલનાં તબકકે સક્ષમ અદાલત કે મહેસૂલી સત્તાધિકારીઓનો અમારા અસીલનાં માલીકી હક્ક કે નોંધોને રદ કરતો કે પ્રતિકુળ અસર કરતો કોઇપણ અંતિમ કે અમલપાત્ર હુકમ અસ્તિત્વમાં નથી કે અમલમાં નથી.

છબીલદાસ વ્રજલાલ શાહ કાયદેસરના ખેડૂત ખાતેદાર હતા અને તેમની ખેડૂત તરીકેની સ્થિતિ સક્ષમ મહેસૂલી અદાલતો સમક્ષ પુરાવાથી સ્થાપિત થયેલી હતી તથા મહેસૂલી અદાલતોએ પણ સમયાંતરે તેમને ખેડૂત તરીકે માન્ય રાખેલા હતા. વધુમાં, ખેડૂતો દ્વારા ખેતીની જમીન ખરીદવા અંગેની આઠ કિલોમીટરની મર્યાદા રાજ્ય સરકારે સને-૧૯૯૫ માંજ દૂર કરેલી હતી.

આમ, સદર જમીન અંગે અમારા કાયદેસરના માલિકી હક્કો મહેસૂલી રેકર્ડમાં સ્પષ્ટપણે નોંધાયેલા હોવા છતાં એડવોકેટ શ્રી હર્ષ બી. ગજજર દ્વારા પોતાના અસીલો વતી પ્રસિદ્ધ કરાવેલી જાહેર નોટિસમાં અધૂરી, એકતરફી અને આધારવિહોણી હકીકતો રજૂ કરવામાં આવી છે. કાંતિભાઈ છગનભાઈ મિસ્ત્રી તથા નવીનભાઈ લલ્લુભાઈ લાડને હાલ સદર જમીનમાં કોઈ કાયદેસર માલિકી હક્ક, હિત, હિસ્સો, કબજો કે અન્ય અધિકાર ન હોવા છતાં સદરહું જમીન અંગે અમારા નોંધાયેલા કાયદેસરનાં હક્કોમાં દખલરૂપ બને તેવી જાહેર નોટિસ આપવાનો તેમને કોઈ કાયદેસર અધિકાર નથી.

સદર જાહેર નોટિસમાં સને-૧૯૯૭ ના વ્યવહાર, આઠ કિલોમીટરની મર્યાદા તથા ગણોત કાયદાની જોગવાઈઓ અંગે સંબંધિત કાયદા, સરકારી ઠરાવો, અનુગામી હુકમો તથા મહેસૂલી રેકર્ડનો સંપૂર્ણ અભ્યાસ કર્યા વિના એકતરફી તારણો રજૂ કરવામાં આવ્યા છે. કોઈ આધારભૂત પુરાવા વિના અમારા વિરુદ્ધ ''છેતરપિંડી'', ''કાયદાનો ભંગ'' તથા ''સરકારને આર્થિક નુકસાન'' જેવા ગંભીર અને બદનક્ષીકારક આક્ષેપો કરવામાં આવ્યા છે, જેનો અમો સ્પષ્ટ અને સખત શબ્દોમાંઇનકાર કરીએ છીએ.

આથી એડવોકેટ શ્રી હર્ષ બી. ગજજર તથા તેમના સંબંધિત અસીલોને તાકીદ કરવામાં આવે છે કે, ઉપરોક્ત રેવન્યુ રેકર્ડ આધિન ખરી હકીકતથી તમારા અસીલોને વાકેફ કરીને આ જવાબ પ્રસિદ્ધ થયાની તારીખથી સાત દિવસમાં અમારા વિરુદ્ધ કરવામાં આવેલા આધાર વિહોણા ગંભીર આક્ષેપો પાછા ખેંચી, જે વર્તમાનપત્રમાં મૂળ જાહેર નોટિસ પ્રસિધ્ધ કરવામાં આવી હતી તે જ વર્તમાનપત્રમાં યોગ્ય પ્રાધાન્ય સાથે જરૂરી સુધારો અને સ્પષ્ટતા પ્રસિધ્ધ કરે તથા સદરહું જમીનમાં રહેલ અમારા કાયદેસરના હક્ક, હિત, કબજો, વહીવટ અને મિલકતના શાંતિપૂર્ણ ઉપયોગમાં કોઈપણ પ્રકારની દખલગીરી કરવાથી દૂર રહે. અન્યથા અમારો નુકસાનવળતર તથા ખર્ચસહિત યોગ્ય દીવાની દાદ મેળવવા તેમજ પુરાવાથી સ્થાપિત થતી પરિસ્થિતિ અનુસાર લાગુ પડતી ફોજદારી તથા લેન્ડગ્રેબિંગ એકટ અન્વયેના ગુનાહિત કૃત્યો અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની નાછુટકે ફરજ પડશે.

આથી જાહેર જનતાને પણ ચેતવવામાં આવે છે કે, કાંતિભાઈ છગનભાઈ મિસ્ત્રી તથા નયનભાઈ લલ્લુભાઈ લાડ અથવા તેમના વારસો, વાલી કે પ્રતિનિધિઓને સદર જમીનમાં કોઈકાયદેસર હક્ક હોવાનું માની તેમની સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર ન કરે. તેમ છતાંકોઈ વ્યવહાર કરવામાં આવશે તો તે સંબંધિત વ્યક્તિના પોતાના જોખમ અને જવાબદારી ઉપર રહેશે અને તેનાથી કોઈ કાયદેસર હક્ક, અધિકાર, હિત કે માલિકી પ્રાપ્ત થશે નહીં તથા અમારા નોંધાયેલા કાયદેસરના હક્કોને કોઈ અસર થશે નહીં. અમારા અસીલના તમામ દીવ